આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-22-10-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## નાગરિક સંરક્ષણ – રાષ્ટ્રીય પરિષદ

**દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડના વડાઓની 14મી રાષ્ટ્રીય પરિષદ આજથી ગાંધીનગરમાં યોજાશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આ બે દિવસની પરિષદને ખુલ્લી મુકશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે. વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડના 60થી વધુ વરિષ્ઠ અધિકારીઓ તેમજ 1200થી વધુ માનદ સભ્યો આ પરિષદમાં ભાગ લેશે.**

**જેમાં મુખ્યત્વે મોડેલ હોમગાર્ડ બિલ તેમજ નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડ દળોની નીતિ ઉપર ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત ટેકનોલોજી અને આધુનિકતાના મદદથી બંને દળોની કામગીરીને વધુ કાર્યક્ષમ બનાવવા પરિષદમાં ચર્ચા થશે.**

RNU અમદાવાદ

---

## પશુ ચિકિત્સક – નિમણુકપત્ર

કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલે **123** પશુ ચિકિત્સકોને નિમણૂક પત્ર એનાયત કર્યા હતા

ગાંધીનગર સચિવાલય ખાતે ગઈકાલે યોજાયેલા કાર્યક્રમમાં શ્રી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના પશુપાલન વિભાગમાં **123** નવા પશુ તબીબ ઉમેરાતા હવે પશુ ચિકિત્સા સરળ બનશે.

**RNU** અમદાવાદ

---

## વર્ગ-4 – એડહોક બોનસ જાહેર

દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે વર્ગ-૪ના કર્મચારીઓને ૭ હજાર રૂપિયાની મર્યાદામાં એડહોક બોનસ આપવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણયથી વર્ગ-૪ના અંદાજે ૧૭ હજાર ૭૦૦થી વધુ કર્મચારીઓને લાભ થશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નાણાં વિભાગને આ અંગેના જરૂરી આદેશો કરવાના દિશાનિર્દેશ આપ્યા છે.

**RNU** અમદાવાદ

---

## મહાત્મા ગાંધીજી – કચ્છયાત્રા

**રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની કચ્છની ઐતિહાસિક અને એક માત્ર મુલાકાતને આજે 99 વર્ષ પૂરા થાય છે. 99 વર્ષ પહેલાં 1925ની 22મી ઓકટોબરના દિને માંડવીથી એમની મુલાકાતનો આરંભ થયો હતો. તેઓ બે અઠવાડીયા સુધી માંડવી ઉપરાંત ભુજ, નખત્રાણા પાસે કોટડા, મુન્દ્રા વિગેરે વિસ્તારોનો પ્રવાસ કર્યો તે વખતે કચ્છમાં રસ્તાની પૂરી સુવિધા નહોતી યાત્રામાં તેઓને અનેક કડવા અનુભવો થયા હતા.**

**આરતી ભટ્ટ/ ચંદ્રવદન પટ્ટણી**

---

## પૂર્વ કચ્છ વીજચોરી દંડ

પૂર્વ કચ્છમાં વિવિધ સ્થળોએ વીજચોરી કરતા તત્વો સામે કાર્યવાહી કરવાની સઘન ઝુંબેશમાં 222 વીજ જોડાણમાં વીજચોરી સામે આવતા કુલ 2 કરોડ 32 લાખનો દંડ કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે. પીજીવીસીએલ અંજાર વર્તુળ કચેરી દ્વારા 1500 જેટલા વીજજોડાણો તપાસાયા હતા. આ ઝુંબેશ દરમ્યાન શહેરની સરખામણીએ ગ્રામ્ય વિસ્તારમાં વીજચોરીનું પ્રમાણ વધુ હોવાનું જણાયું હતું.

**પ્ર. આરતી ભટ્ટ /N.P**

---

# આત્મા પ્રોજેકટ – પ્રાકૃતિક ખેતી

આત્મા પ્રોજેક્ટ, કચ્છ તેમજ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા જિલ્લામાં વર્ષ **2024-25**માં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા **122** ક્લસ્ટરમાં અધિકારીઓની નિમણૂક કરાઇ છે.

વિકાસ સપ્તાહ - **2024**ની ઉજવણીના ભાગરૂપે જિલ્લામાં **24** તાલીમ કેન્દ્રમાં **685** ખેડૂતને પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ અપાઇ છે. આ તાલીમમાં ખેડૂતો સ્થાનિક ભાષામાં સરળતાથી પ્રાકૃતિક કૃષિ સમજી શકે અને કોઇ પ્રશ્ન હોય તો તેના સચોટ માર્ગદર્શન માટે ફાર્મર માસ્ટર ટ્રેનરની નિમણૂક કરવામાં આવેલી છે. તાલીમમાં પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થતી ઉપજ રસાયણમુક્ત હોય. માનવ સ્વાસ્થ્ય અને પ્રકૃતિને નુકસાનકારક હોતી નથી.

પ્ર. આરતી ભટ્ટ /N.P

---------------------------------------------------------------------------

# વરસાદની આગાહી

અરબી સમુદ્રમાં હળવું દબાણ સક્રિય બનતાં ગુજરાતમાં બે સિસ્ટમ એક સાથે સક્રિય હોવાથી રાજ્યમાં અનેક સ્થળોએ વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે અને આજે કચ્છ- સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છુટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

પ્ર. આરતી ભટ્ટ /N.P

---------------------------------------------------------------------------

## ઘેટામાં રોગચાળો

અબડાસા તાલુકામાં હાલ ઘેટાંમાં રોગચાળો જોવા મળી રહ્યો છે. રોગચાળાના લીધે માલધારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. તો બીજીબાજુ પશુ આરોગ્ય વિભાગ દ્વારા ઘેટાં- બકરાઓને ગળસુંઢા રોગ વિરૂધ્ધની રસી આપવામાં આવી રહી છે. ભાચુંડામાં 700 ઘેટાં તથા **121** બકરા, બીટીયારીમાં 300 ઘેટાં તથા 300 બકરા, નરેડીમાં **310** ઘેટાં તથા **290** બકરા પશુ આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવી હતી.

પ્ર. આરતી ભટ્ટ /N.P

---

## નખત્રાણા- વરસાદ

ગઈકાલે ધૂપ-છાંવના માહોલ વચ્ચે નખત્રાણા તાલુકામાં રામેશ્વર, વિરાણી સહિતના ગ્રામ્ય વિસ્તારમાં છૂટાછવાયા ઝાપટાં વરસ્યા હતા. જ્યારે લખપતના મુખ્ય મથક દયાપરમાં રાત્રે અડધો ઇંચ વરસાદ પડયો હતો.. વરસાદના પગલે વીજ પુરવઠો ખોરવાયો હતો. ભુજ સહિતના સ્થળે વાદળોની આવન-જાવન જોવા મળી હતી. સવારના ભેજના વધુ પ્રમાણના લીધે ઝાકળવર્ષાથી રસ્તામાં ભીનાશ જોવા મળી હતી.

પ્ર. આરતી ભટ્ટ /N.P

---